ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૫ | ૨૫ ઓગસ્ટ, ૨૦૨૦, મંગળવાર; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૬૭ |
| અમદાવાદ | ૧૬૫ |
| ગાંધીનગર | ૨૫ |

# ચીન વાતચીતથી નહીં માને તો સૈન્ય વિકલ્પ

**એલઓસી પર ચાલતા તણાવ વચ્ચે સીડીએસ જનરલ રાવતની ચીનને ખૂલ્લી ચેતવણી : અવળચંડા લોકો સાથે લડ્યા વિના ચાલે નહીં, એલએસી સાથે થયેલ ફેરફાર અલગ-અલગ ધારણાઓને કારણે હોય છે, રક્ષા સેવાઓ હંમેશા સૈન્ય કાર્યો માટે તૈયાર રહે છે, અમે વિવાદને શાંતિપૂર્ણ રીતે સમાધાન કરવા માંગીએ છીએ**



ન્યુ દિલ્હી,તા.૨૪

ભારત-ચીનની વચ્ચે ચાલી રહેલા વિવાદ પર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત એ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે લદાખમાં ચીની અતિક્રમણને ઉકેલવા માટે સૈન્ય વિકલ્પો પર પણ વિચાર કરી રહ્યું છે. એક મીડિયા ઈન્ટરવ્યુમાં જનરલ રાવતે કહ્યું કે જો વાતચીત ફેલ થાય છે તો સૈન્ય વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે રક્ષામંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે જવાબદાર લોકો આ કોશિષની સાથે તમામ વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે કે પીએલએ લદાખમાં પહેલાં જેવી સ્થિતિમાં આવી જાય.

જનરલ રાવતે કહ્યું કે સરકાર આ મામલે શાંતિપૂર્ણ રીતે સમાધાન માંગે છે. તેમણે ઈશારો કર્યો કે પૂર્વી લદાખમાં સેનાઓની તૈયારી પૂરી છે. તેમણે કહ્યું કે એલએસી પર અતિક્રમણ જુદી જુદી દ્રષ્ટિએ થાય છે. રક્ષા સેવાઓનું કામ દેખરેખ રાખવાનું અને આવા અતિક્રમણને ઘુસણખોરીમાં ફરી જતા રોકવાનું છે. સરકાર ઈચ્છે છે કે શાંતિપૂર્ણ રીતે મુદ્દો ઉકેલવામાં આવે.

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસમાં સોનિયા ગાંધી જ રહેશે વચગાળાના અધ્યક્ષ

ન્યુ દિલ્હી,તા.૨૪

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે સોનિયા ગાંધી અત્યારે પક્ષના વચગાળાના અધ્યક્ષ પદ પર યથાવત રહેશે. કોંગ્રેસમાં નેતૃત્વ સંકટ વચ્ચે આજે કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક યોજાઈ હતી. નેતૃત્વ અંગે આ બેઠકમાં ખુલ્લીને ચર્ચા-વિચારણા થઈ હતી. બેઠક દરમિયાન પાર્ટીના વચ્ચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે હવે તેઓ પક્ષના અધ્યક્ષ તરીકે બની રહેવા ઈચ્છતા નથી. પણ અનેક નેતાઓએ તેમને પોતાનો કાર્યભાર જાળવી રાખવા માટે અપીલ કરી હતી.



કોંગ્રેસ કાર્યસમિતિની બેઠક 'મહાભારત'માં ફેરવાઈ હોય એમ લાગી રહ્યું છે. સોનિયા ગાંધીએ અંતરિમ અધ્યક્ષ પદથી રાજીનામું આપવાની રજૂઆત કરી અને સાથે જ એ પત્રનો જવાબ પણ આપ્યો જેમાં નેતૃત્વ પર સવાલ ઉભા કરવામાં આવ્યા હતા. ત્યાર બાદથી કોંગ્રેસ સમિતિ બે ભાગમાં વેચાઈ છે. એક તરફ ગાંધી પરિવારનું સમર્થનમાં કરતા લોકો દેખાઈ રહ્યા છે ત્યારે બીજી તરફ બળવાખોર નેતાઓએ પણ ખુલ્લેઆમ પડકાર આપ્યો છે.

સોનિયા ગાંધીનો પક્ષ લેતા પૂર્વ પીએમ મનમોહન સિંહ અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા એ.કે. એન્ટનીએ પત્ર લખવાની પ્રક્રિયાની ટીકા કરી અને નેતૃત્વમાં ફેરફાર કરવાની માંગ કરતા નેતાઓ સામે ગુસ્સો વ્યક્ત કર્યો. ત્યાર બાદ રાહુલ ગાંધીએ પણ ખૂબ જ કડક વલણમાં પત્રની ટાઈમિંગ પર સવાલ ઉભા કરતા એવું કહ્યું કે પત્ર બીજેપી સાથે સાઠગાંઠ કરી લખવામાં આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે રાહુલ પછી પ્રિયંકા ગાંધીએ પણ ગુલામ નબી આઝાદને લઈ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

# શેરબજારમાં તેજી : સેન્સેક્સ ૩૮૭૮૮ની સપાટીએ

### નિફ્ટી ૬ મહિનાની ટોચે, મિડકેપમાં તેજીની ડબલ હેટ્રિક

મુંબઈ,તા.૨૪

વૈશ્વિક બજારોના સકારાત્મક વલણમાં આજે નાણાકીય કંપનીઓના શેરમાં તેજી જોવા મળી. દિવસના કારોબાર પછી શેર બજાર સોમવારે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે વધારા સાથે બંધ રહ્યો. બોમ્બે સ્ટોક એક્સચેંજનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૩૬૪.૩૬ પોઈન્ટના ઉછાળા સાથે ૦.૯૫ ટકા વધીને ૩૮૭૮૮.૦૮ પર બંધ રહ્યો છે. તો નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૦.૮૩ ટકા વધીને ૯૪.૮૫ પોઈન્ટના વધારા સાથે ૧૧૪૬૬.૪૫ ના સ્તર પર બંધ રહ્યો છે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ઝી લિમિટેડ, કોટક બેંક, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, બજાજ ફિનસવર, મારુતિ અને એસબીઆઈના શેર લીલા નિશાન પર બંધ થયા છે. પાવર ગ્રીડ, એમ એન્ડ એમ, અદાણી પોર્ટ્સ, હિંડાલ્કો, ગ્રાસિમ, ટેક મહિન્દ્રા, સિપ્લા, ટાઈટન, નેસ્લે ઈન્ડિયા અને હીરો મોટોકોર્પના શેરો લાલ નિશાન પર બંધ થયા છે.

જો સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે ફાર્મા, રિયલ્ટી અને આઈટી સિવાય તમામ સેક્ટર લીલા નિશાન પર બંધ થયા છે. આમાં ધાતુઓ, મીડિયા, બેંકો, પીએસયુ બેંકો, ફાઈનાન્સ સેવા, ખાનગી બેંકો, ઓટો અને એફએમસીજી શામેલ છે.

બજારની આ રેલીમાં સૌથી મોટો ફાળો લિક્વિડિટીનો છે. બજારમાં નાના રોકાણકારોનું જોમ વધતા નાના શેરમાં લેવાલી જોવા મળી રહી છે. મિડકેપ ઈન્ડેક્સમાં તેજીની ડબલ હેટ્રિક જોવા મળી છે.

## ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ કોમામાં ! બહેન સંભાળશે કમાન

**દ.કોરિયાના પૂર્વ ઓફિસરે કિમ જોંગ ઉનના કોમામાં હોવાનો દાવો કર્યો**



સિઓલ,તા.૨૪

નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન કોમામાં છે. હાલ દેશની કમાન તેમની બહેન કિમ યો જોંગ સંભાળી રહ્યા છે. આ દાવો દક્ષિણ કોરિયાના પૂર્વ ઈન્ટેલિજન્સ ઓફિસર ચાંગ સોંગ મિને કર્યો છે. મિન દેશના પૂર્વ રાષ્ટ્રપતિ કિમ દેઈ જુંગના સ્પેશિયલ આસિસ્ટન્ટ રહી ચૂક્યા છે. મિનના જણાવ્યા પ્રમાણે, કિમ જોંગ ઉન ગંભીર રીતે બીમાર છે. જોકે બીમારી શું છે તે વિશે હજી ચોક્કસ કોઈ માહિતી આપવામાં આવી નથી. એક મહિના પહેલાં પણ કિમ ગંભીર રીતે બીમાર હોવાના ન્યૂઝ આવ્યા હતા, પરંતુ ત્યારે તેમણે અચાનક સામે આવીને આ બધી અફવાઓને પાયાવિહોણી ગણાવી હતી. સાઉથ કોરિયાઈ મીડિયા સાથેની વાતચીત દરમિયાન મિને કહ્યું કે, મને ખબર છે ત્યાં સુધી કિમ અત્યારે કોમામાં છે પરંતુ અત્યાર સુધી જીવતો છે. હાલ નોર્થ કોરિયાની કમાન કિમની નાની બેન કિમ યો જોંગ સંભાળી રહી છે. જોંગ માટે સત્તા સંભાળવાનો આ પહેલો મોકો નથી. તે પહેલાં પણ મોટાભાઈને મદદ કરવાના હેતુથી સરકાર ચલાવવામાં મદદ કરતી હતી. મિને કહ્યું કે, કિમે હજી સુધી બહેનને સંપૂર્ણ સત્તા નથી સોંપી. હાલ તેમને આ જવાબદારી એટલા માટે આપવામાં આવી છે જેથી નેતૃત્વનું સંકટ વધારે સમય સુધી ન રહે અને તેમને સરકાર ચલાવવાની સંપૂર્ણ સમજ આવી જાય.

# દેશમાં રોજ ૧૦ લાખ કોરોના ટેસ્ટ

**ભારતમાં કોરોનાગ્રસ્તોનો આંક ૩૧ લાખને પાર : જુલાઈના અંત સુધીમાં ૧૨ દર્દી મળતા હવે ૧૦૦ ટેસ્ટમાં સાત દર્દી મળી રહ્યા છેઃ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનો દાવો**

નવી દિલ્હી, તા. ૨૪

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૧ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૧૪૦૮ કેસ નોંધાતા કુલ કેસ ૩૧૦૬૩૪૮ થઈ ગયા છે. બીજી તરફ દેશમાં કોરોના સંક્રમણ નોંધાવવાના દરમાં ઘટાડો આવ્યો છે. જુલાઈના અંત સુધીમાં દર ૧૦૦ ટેસ્ટમાંથી ૧૨થી વધુ દર્દીઓ મળવા લાગ્યા હતા. પણ હવે લગભગ ૭ દર્દીઓ મળી રહ્યાં છે. એટલે કે સંક્રમણનો દર ૬.૭ ટકા થયો છે. તેનું સૌથી મોટું કારણ ટેસ્ટની સંખ્યા વધી તે છે. હવે દેશમાં રોજ ૮થી ૧૦ લાખ લોકોની તપાસ થઈ રહી છે.

મંત્રાલયના દાવા અનુસાર ૫૭ હજાર ૪૬૮ લોકો સ્વસ્થ થઈ ગયા છે. જ્યારે ૮૩૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેની સાથે જ દેશમાં સંક્રમિતોની સંખ્યા ૩૧

● અનુસંધાન પાન-૭ પર

**કોરોના અપડેટ્સ**

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૩૬૪૨૫૩૪ | ૮૧૩૪૯૯ | ૧૬૧૩૩૮૦૯ |
| ભારત | ૩૧૪૯૭૫૯ | ૫૮૩૦૭ | ૨૩૮૨૭૯૫ |
| ગુજરાત | ૮૭૮૪૬ | ૨૯૧૦ | ૭૦૩૫૦ |
| ગાંધીનગર | ૨૨૩૦ | ૧૩૦ | ૧૮૩૮ |

## સતત પાંચમા દિવસે પેટ્રોલ ૧૩ પૈસા મોંઘું થયું

નવી દિલ્હી,તા.૨૪

પેટ્રોલના ભાવમાં વધારાનો સિલસિલો સતત પાંચમા દિવસે પણ ચાલુ રહ્યો છે. સોમવારે પણ પેટ્રોલના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. સરકારી ઓઈલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.એ સોમવારે સતત પાંચમા દિવસે પેટ્રોલના ભાવમાં વધારો કર્યો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૧૩ પૈસા મોંઘું થયું. આ વધારા બાદ દિલ્હીમાં એક લીટર પેટ્રોલનો ભાવ વધીને ૮૧.૬૨ રૂપિયા થઈ ગયું. જોકે, ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર નથી થયો.




